| Presented On | ૧૭.૦૧.૨૦૨૫ |
| --- | --- |
| Registered On | ૧૭.૦૧.૨૦૨૫ |
| Decided On | ૦૨.૦૫.૨૦૨૬ |

सत्यमेव जयते

==========================================================

**મહે. જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ**

**મુ. ખંભાળિયા,જિલ્લા દેવભૂમિ દ્વારકા**

==========================================================

ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧/૨૦૨૫

આંક : ૧૨

<u>અરજદાર :-</u>

(૧) સુગરાબાનુ વા/ઓ દીલાવર વારા,
ડો/ઓ ઓસમાણ ગની ગંઢાર.
ઉ.વ.૨૫, ધંધો-ઘરકામ,
(૨) અલીજા ડો/ઓ દીલાવર વારા
ઉ.વ.આ.૨, ધંધો-કાંઈ નહી.
નં.૧ જાતે તથા નં.૨ના કુદરતી માતા અને વાલી દરજ્જે.
રહે.બંન્ને. વાડીનાર, ફોરેસ્ટ કોલોનીની સામે,
તા. ખંભાલીયા જી. દેવભુમિ ધ્વારકા

<u>વિરૂદ્ધ</u>

<u>સામાવાળાઓ :-</u>

(૧) દીલાવર કાસમભાઈ વારા,
ઉ.વ.આ.૨૫, ધંધો-મચ્છીમારી,
(૨) કાસમભાઈ ઈસ્માઈલભાઈ વારા,

ઉ.વ.આ.૪૫, ધંધો–નોકરી,
(૩) મહમદભાઈ કાસમભાઈ વારા,
ઉ.વ.આ.૨૫, ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે.બધા.સિકકા, નવી મચ્છી પીઠ પાસે,
તા.જી.જામનગર.

બાબત: અરજદારની કૌટુંબીક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનીયમ ૨૦૦૫ ની કલમ– ૧૨ મુજબની અરજી

==========================================================

વાદી તરફે વિદ્ધાન વકીલ શ્રી :– ડી.વી.સાચાણી

પ્રતિવાદી તરફે વિદ્ધાન વકીલ શ્રી. :– કોઈ નહી.

==========================================================

–: ચુકાદો :–

અરજીની હકીકતઃ–

(૧.) અરજદારના નિંકાહ આ કામના સામાવાળા ન .૧ સાથે આજથી આશરે ત્રણ વર્ષ પહેલા વાડીનાર મુકામે જ્ઞાતીના રીતરીવાજ મુજબ થયેલા હાલ અરજદાર તથા સામાવાળા નં.૧ પતિ–પત્ની તરીકેનો સબંધ ધરાવીએ છીએ અને નિકાહજીવન હાલ ચાલુ છે અને નિંકાહજીવન દરમ્યાન એક સ તાન થયેલ પુત્રી અલીજા, ઉ.વ.આ.૨ ની છે છે જે હાલ આ કામના અરજદાર પાસે છે. આ કામના સામાવાળા નં.૨ વાળા સસરા થાય છે, નં.૩ વાળા દેર થાય છે. નિકાહ બાદ સાસરીમાં સયુંકત કુટુંબમાં રહેવા ગયેલ જયાં ઘરવાળા સાસુ, સસરા, દેર અને નણંદ સાથે સયુંકત કુટુંબમાં રહેતા હતા ને આ કામના સામાવાળા નં. ૧ એ તથા ઘરના સભ્યોએ નિકાહ બાદ બે માસ સુધી સારી રીતે રાખેલ અને ત્યારબાદ ઘરમાં નાના–નાના ઝગડાઓ થતા અને મારા સસરા તથા દેર વિરુધ્ધ ઘરવાળાને ચડાવતા અને કહેતા કે ''તું તલ્લાક આપી દે તને અમે બીજા નિકાહ કરાવી દઈશું તેમ કહી મેણાંટોણાં મારતા અને જેના કારણે અરજદારના પતિ ને કહેતા કે મારે તને રાખવી નથી તું મને ગમતી નથી મારે બીજા નિકાહ કરવા છે તેમ કહી ને

શારીરીક, માનસીક ટોર્ચર કરતા અને ને પતિ મારકુટ કરતા હતા". નિકાહ જીવનના બે માસ બાદ વાડીનાર મુકામે અલગ ભાડાના મકાનમાં ગયેલા ત્યાં પણ સસરા તથા દેર આવીને ઘરવાળાને કાનભંભેરણી કરતા અને મારા વિરૂધ્ધ ઉંરેકરાટ કરતા અને ચડાવતા અને ને ઘરવાળા હેરાન–પરેશાન કરતા અને મારકુટ કરતા તેમજ શારીરીક, માનસીક દુઃખત્રાસ આપતા તેમજ માનસીક ટોર્ચર કરતા હતા અલગ રહેતા ત્યાં પણ ઘેર આવી ને નાની નાની બાબતોમાં ઝગડા કરી મારકુટ કરતા હતા.આ કામના સામાવાળા ને કહેતા કે, તું મને ગમતી નથી, તું તારા માવતરે ચાલી જા, નહીં તો તને મારી નાખીશ તેવી ધમકી આપતા ગરીબ માવતરની દિકરી હોઈએ અને અમારૂ ઘર ચલાવવું હોય જેથી આ કામના સામાવાળા અને તેના ઘરનાનો દુઃખત્રાસ મુંગે મોઢે સહન કરતા હતા.આ કામના સામાવાળા નં. ૧ વાળા ને ઘરમાં ઘરખર્ચની કોઈ રકમ આપતા નહીં કે બીમાર થઈએ કે અમારી પુત્રી બીમાર થાય ત્યારે કોઈ દવાદારૂનો ખર્ચ આપતા નહી કે ને કપડાલતા લઈ દેતા નહીં આ કામના સામાવાળા નં.૧ ને અન્ય સ્ત્રી ગુલશન સાથે સારા સબંધ હોય તેને ને તલ્લાક આપી તેની સાથે નિકાહ કરવા હોય જેથી ને દુઃખત્રાસ આપતા. ઘરવાળા ઉપર શંકા વહેમ કરતા અને શક, વહેમ કરી ને બીભતસ ગાળો આપતા તેમજ રાત્રે દારૂ પીને ઘરે આવી ને મારકુટ કરતા ને ઘરવાળા અવાર–નવાર દારૂ પી અને મારકુટ કરતા દેર પણ ને મારકુટ કરતા અને નિકાહ જીવન દરમ્યાન ઘરવાળાએ ને ત્રણ થી ચાર વખત કાઢી મુકેલ હોય અને ફરી ઘરવાળા તથા તેના પિતા સમાધાન કરી તેડી જતા અમારે સામાવાળા નં.૧ નું ઘર ચલાવવુ હોય સામાવાળાઓનો ત્રાસ મુંગે મોઢે સહન કરતા. બે વર્ષ સુધી વાડીનાર મુકામે રહેલ ત્યારપછી સિકકા ભાડાના મકાનમાં રહેવા ગયેલા ત્યાં પણ સામાવાળાઓના વર્તનમાં કાંઈ ફેરફાર થતો નહી અને ને કહેતા કે તું તારા માવતરે ચાલી જા, તુ મને ગમતી નથી મારે બીજી કરવી છે તું મને તલ્લાક આપી દે તેમ કહી ને બીભત્સ ગાળો દઈ મારકુટ કરતા આ કામના સામાવાળા નં.૧ અમને પટ્ટાથી લાકડીથી મારતા તેમજ અમારૂ માથુ દિવાલમાં ભટકાડતા તેમજ સસરા ને કહેતા કે તારા પિતાએ દહેજમાં કાંઈ આપેલ નથી તે બાબતે દેર પણ વારંવાર ત્રાસ આપતા હતા.આ કામના સામાવાળા તથા તેના ઘરના સભ્યો ને કહેતા કે, તારા

માવતરે દહેજ આપેલ નથી, તું તારા માવતરેથી પૈસા લઈ આવ તેમ કહી મેણાંટોણાં મારતા અને દુઃખત્રાસ આપતા અને ને ઘરખર્ચની કંઈ રકમ આપતા નહીં કે સગીર સંતાનની કોઈ સારસંભાળ રાખતા નહીં. ને પૈસાની જરૂર પડે તો માવતરેથી પૈસા લઈ અને તથા સગીર સંતાન માટે બ્રેડ, બટર લેતા હતા. આ કામના સામાવાળા નં. ૧ ને તેની સ્ત્રી મીત્ર ગુલશનના ઘરે લઈ ગયેલા અને કહેલ કે મારે આમની સાથે નિકાહ કરવા છે તુ તલ્લાક આપી દે અને આ કામના સામવાળા નં. ૧ ગુલશન સાથે સતત મોબાઈલમાં વાતોચીતો કરે છે.આ કામના સામાવાળા નં. ૧ એ ને ખુબ જ મારકુટ કરેલ તેમજ ને તથા સગીર પુત્રીને પહેરેલ કપડે કાઢી મુકેલ છે. આ કામના સામાવાળા નં.૧ એ ને ખુબ જ મારકુટ કરેલ હોય અને અરજદાર સગીર પુત્રી સાથે એક માસથી ઓશીયાળુ જીવન માવતરે જીવીએ છીએ અને કે સગીર પુત્રી માટે ભરણપોષણની કે રહેણાંક મકાન સબંધેની કોઈ જ વ્યવસ્થા કરેલ નથી જેથી હાલની આ અરજી લાવવામાં આવેલ છે.આ કામના સામાવાળાને ઘરના મકાન આવેલ છે અને મચ્છીમારીનો ધંધો કરે છે અને વાસ્પા રીક્ષા ધરાવે છે અને માચ્છીમારીનો ધંધો કરી માસીક રૂ.૧,૦૦,૦૦૦/- એક લાખ જેટલી આવક મેળવે છે અને અરજદારના સસરા રીલાયન્સમાં નોકરી કરે છે અને તેઓ માસીક રૂ.૨૫,૦૦૦/-જેટલી આવક મેળવે છે અને દીયર પણ સિકકામાં સીમેન્ટની ફેકટરીમાં નોકરી કરે છે અને માસીક રૂ.૪૦,૦૦૦/- જેટલી આવક મેળવે છે. આમ આ કામના સામાવાળા નં.૧ ને અરજદાર તથા સગીર પુત્રી સીવાય અન્ય કોઈની જવાબદારી નથી. અરજદારે આ કામના સામાવાળા નં.૧ વાળા સામે ભરણપોણની અરજી દાખલ કરેલ છે જે પેન્ડીંગ છે. વાસ્તે અરજી લાવી અરજ કરવાની કે,પ્રોટેકશન ઓફ વુમન ફોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૯(૮) અન્વયે અરજદારના સ્ત્રીધનનો માલસામાન, કપડાલતા તેમજ અન્ય સ્ત્રીધનની તમામ ચીજવસ્તુઓ વિગેરે સામાવાળાઓ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરે અને તે તમામ અરજદારને સોંપી આપે તેવો હુકમ ફરમાવવા તથા પ્રોટેકશન ઓફ વુમન ફોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૯(૬) અન્વયે વાડીનાર મુકામે અરજદાર તથા સગીર પુત્રી સગવડતાપુર્વક રહી શકીએ તેટલી સવલતોવાળુ એક મકાન ને સામાવાળા નં. ૧

ભાડેથી અપાવે અને તેનું ભાડુ સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૦(ઘ) અન્વયે અરજદાર નં.૧ ને માસીક ભરણપોષણ પેટે રૂા. ૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરા તથા અરજદાર નં.૨ ને માસીક રૂા.૫,૦૦૦/– પાંચ હજાર પુરા મળી કુલ રકમ રૂા.૨૦,૦૦૦/–અંકે રૂપિયા વીસ હજાર પુરા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તેમજ પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૦ અન્વયે અરજદારોના કાયમી ભરણપોષણ પેટેની ઉચ્ચક લમસમ રકમ રૂા.૫,૦૦,૦૦૦/– પાંચ લાખ પુરા અરજદારોને સામાવાળા નં. ૧ વાળા ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૨ અન્વયે સામાવાળા નં.૧ સાથેના અરજદારના નિકાહજીવન દરમ્યાન અરજદારને સામાવાળાઓએ અરજદાર ઉપર જે શારીરીક તેમજ માનસીક દુઃખત્રાસ ગુજારેલ છે તે બદલના વળતરની રકમ રૂા.૪,૦૦,૦૦૦/– સામાવાળાઓ અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા હાલની અરજીનું ખર્ચ પણ સામવાળાઓ પાસેથી અપાવવા અંગેનો યોગ્ય હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

<u>**સમાવળાઓ તરફે જવાબ :**</u>

(૨.) સદરહુ કામે અરજી અન્વયે સામાવાળાઓને નોટીશ કાઢતા સામાવાળાઓ હાલની અરજીનાં કામે હાજર થયેલ હતા ત્યારબાદ તેઓને પુરતી તક આપવા છતા સામાવાળાઓ મુદતે હાજર રહેલ નથી કે આ કામે કોઈ જવાબ રજુ કરેલ નથી. ત્યારબાદ અરજદાર તરફે આંક–૦૬ થી જવાબનો હકક બંધ કરવાની અરજી આવતા આંક–૦૬ લગત હુકમ કરી, સામાવાળાઓના જવાબનો હકક બંધ કરેલ છે.

<u>**અરજદાર તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો :–**</u>

(૩.) સદર કામે અરજદાર તરફે અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરાવામાં આવેલ છે.

**અરજદાર તરફે મૌખીક પુરાવા :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના સરતપાસનુ સોગંદનામું | ૦૯(એ) |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવા : નથી**

**સામાવાળાઓ તરફે મોખિક પુરાવો:– નથી**

**સામાવાળાઓ તરફે દસ્તાવેજી પુરાવો :– નથી**

<u>**અરજદાર તર્ફે દલીલો:–**</u>

(૪) આ કામે અરજદારના વિ.વશ્રીએ મૌખિક દલીલો કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના અરજદારો હાલ ઓશિયાળુ જીવન જીવી રહ્યા છે અને આ કામના સામાવાળાની અરજદારોનું ભરણપોષણ કરવાની નૈતિક તેમજ કાયદાકીય ફરજ હોવા છત્તા, આ કામના સામાવાળા અરજદારોનું ભરણપોષણ કરતા નથી કે રહેઠાણ અંગેની પણ કોઈ વ્યવસ્થા કરતા નથી, જેથી અરજદારની અરજી મંજૂર કરી, માંગ્યા મુજબની દાદ અપાવવા અરજ કરેલ છે.

આ કામે સામાવાળા તરફે કોઈ દલીલો કરવામાં આવેલ નથી.

(૫) આ કામે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૬) <u>**–:મુદ્દાઓ:–**</u>

(૧) શુ અરજદાર સાબીત કરે છે કે, તેના પર સામાવાળાઓ ધ્વારા ઘરેલુ હીંસાનુ કૃત્ય કરેલ છે?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી સદર કાયદાની કલમ–૧૯ અન્વયે રહેઠાણની સગવડ અગર તો ભાડાની રકમની દાદ મેળવવા હક્કદાર છે?

(૩) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ સદર કાયદાની કલમ–૧૯(૮) અન્વયે સ્ત્રીધનની તમામ વસ્તુ મેળવવા હક્કદાર છે?

(૪) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ વાજબી કારણોસર સામાવાળાથી અલગ રહીને સદર કાયદાની કલમ–૨૦ અન્વયે ભરણપોષણ મેળવવા હક્કદાર છે ?

(૫) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ માનસિક ત્રાસના વળતર રૂપે સદર કાયદાની કલમ–૨૨ અન્વયે દાદ મેળવવા હક્કદાર છે?

(૬) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) અશંત:હકારમાં

(૪) અશંત:હકારમાં

(૫) નકારમાં

(૬) આખરી હુકમ મુજબ

(૮) આ કામે ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા ન્યાયિક કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>રેકર્ડના પુરાવાનું મુલ્યાંકન:-</u>**

(૯) આ કામના અરજદારે આંક-૦૯(એ) થી પોતાની અરજીના સમર્થનમાં પોતાની સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ પોતાની અરજીની વિગતોનું પુનરાવર્તન કરેલ હોય અત્રે પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની ચર્ચા કરવામાં આવેલ નથી. અરજદારની સામાવાળા તરફે ઉ.તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) આ કામે તમામ મુદાઓની સંયુકત ચર્ચા કરવામાં આવે છે. હાલના રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોવામાં આવે તે પહેલાં પક્ષકારો વચ્ચે ઘરેલુ સંબંધ છે કે કેમ તે બાબતે કાયદાની પરિસ્થિતી જોવામાં આવે તો ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમની કલમ-૨(એફ)માં ઘરેલુ સંબંધની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે વંચાણે લેવામાં આવે તો, "ઘરેલુ સંબંધ" એટલે "બે વ્યકિતઓ વચ્ચેનો કોઇ સંબંધ જે કોઇપણ સમયે સંયુક્ત ઘરમાં સાથે રહ્યા હોઇ અથવા કોઇ ચોક્કસ સમયગાળા સુધી સાથે રહેતા હોઇ, જ્યારે તેઓ સપિંડ સબંધો ધરવાતા હોઇ અથવા લગ્ન કે લગ્ન જેવા પ્રકારના સબંધથી અથવા દત્તક વિધાનથી કે સંયુક્ત કુટુંબમાં સાથે રહેતા કુટુંબના સભ્યો તરીકે સાથે રહેતા હોય." હવે આ કામના પક્ષકારો વચ્ચે ઘરેલુ સંબંધ છે કે કેમ તે બાબતે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો અરજદારે તેની આંક-૦૯(એ) ની સરતપાસ રજુ છે. સામાવાળાને

અરજદારની ઉલટ લેવાની પુરતી તક આપવામાં આવેલ હતી, તેમ છતા સામાવાળા કે તેના વતી તેના વકીલશ્રી હાજર રહેલ નથી. જેથી સામાવાળાનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલ. અરજદાર તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા તેઓના પતિ થાય છે. અરજદારના ત્રણ વર્ષ પહેલા સામાવાળા સાથે થયેલા. આમ, અરજદાર નં–૧ તથા સામાવાળા પતિ–પત્ની છે, તે હકિકત નિર્વિવાદીત છે. વધુમાં અરજદાર તથા સામાવાળા એક જ ઘરમાં એક છત્ત નીચે રહેતા હતા તે હકિકત પણ રેકર્ડ પર છે જેથી આ કામના અરજદાર અને સામાવાળાઓ ઘરેલું સંબંધથી જોડાયેલા છે તે હકિકત પણ નિર્વિવાદીત છે. અરજદાર ઉપર ઘરેલું હિંસાનું કૃત્ય બનેલ છે કે કેમ તે બાબતે કાયદાકીય પરિસ્થિતી જોવામાં આવે તો **"ઘરેલુ હિંસા"** એટલે માત્ર કોઇ સ્ત્રીને મારઝુડ કરવી તેટલા પુરતુ મર્યાદીત નથી. પરંતુ સદર કાયદામાં તેનો વિશાળ અર્થ કરવામાં આવે છે જેથી આ કામે અરજદાર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે કે કેમ તે બાબતે રેકર્ડ પર આવેલ પુરાવાની ચર્ચા કરતા પહેલા કૌટુંબિંક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ–૩ વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

**DOMESTIC VIOLENCE**

3. Definition of domestic violence.-For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it - (a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical, of the aggrieved person or tends to do so and includes causing physical abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or (b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or (c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental, to the aggrieved person. (i) "physical abuse" means any act or conduct which is of such a nature as to cause bodily pain, harm, or danger to life, limb, or

health or impair the health or development of the aggrieved person and includes assault, criminal intimidation and criminal force; (ii) "sexual abuse" includes any conduct of a sexual nature that abuses, humiliates,degrades or otherwise violates the dignity of woman; (iii) "verbal and emotional abuse" includes- (a) insults, ridicule, humiliation, name calling and insults or ridicule specially with regard to not having a child or a male child; and (b) repeated threats to cause physical pain to any person in whom the aggrieved person is interested. (iv) "economic abuse" includes- (a) deprivation of all or any economic or financial resources to which the aggrieved person is entitled under any law or custom whether payable under an order of a court or otherwise or which the aggrieved person requires out of necessity including, but not limited to, household necessities for the aggrieved person and her children, if any, stridhan, property, jointly or separately owned by the aggrieved person, payment of rental related to the shared household and maintenance; (b) disposal of household effects, any alienation of assets whether movable or immovable, valuables, shares, securities, bonds and the like or other property in which the aggrieved person has an interest or is entitled to use by virtue of the domestic relationship or which may be reasonably required by the aggrieved person or her children or her stridhan or any other property jointly or separately held by the aggrieved person; and

(c) Prohibition or restriction to continued access to resources or facilities which the aggrieved person is entitled to use or enjoy by virtue of the domestic relationship including access to the shared household.

**Explanation II**.- For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this section, the overall facts and circumstances of the case shall be taken into consideration.

આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતા હાલના અરજદાર હાલ તેમના પિયરમાં રહે છે. વધુમાં અરજદાર અને સામાવાળા વચ્ચે તકરાર થતી તે હકિકત રેકર્ડ પર છે. વધુમાં અરજદારની સાથે મારઝુડ થયેલ નથી કે કોઇ ત્રાસ આપવામાં આવેલ નથી તેવી હકિકત માનવાને કોઈ કારણ નથી કારણ કે બાળકનો જન્મ થયા બાદ કોઇ પણ ભારતીય સ્ત્રી વિના કારણે પોતાના હર્યા ભર્યા લગ્નજીવનનો ત્યાગ કરે નહી તેવુ આ અદાલતનુ માનવુ છે. જે તમામ હકિકત ધ્યાને લેતા જ્યારે અરજદારે ઘરેલુ હિંસાની ફરિયાદ કરેલ છે તથા ઘરેલુ હિંસા અન્વયે બનતા ગુનાએ “કન્ટીન્યુઝ કન્ડક્ટ ઓફેન્સ” છે એટલે કે આવા ગુનાઓ પક્ષકારોના વર્તન પરથી સતત થતા રહે છે. આમ, આ કામના સામાવાળાએ અરજદારને ત્રાસ આપેલ હોવાની હકિકત માનવાને કારણ હોય જેથી સામાવાળાએ અરજદાર પર ઘરેલુ હિંસાનું કૃત્ય કે જે ઉપરોક્ત કલમ–૩માં જણાવેલ તેવુ કરેલાનુ રેકર્ડ ઉપરથી પુરવાર થાય છે તેથી આ અદાલત્ત દ્વારા મુદ્દા નં–૧નો જવાબ **“હકારમાં”** ઠરાવવામાં આવે છે.

(૧૧) આ કામે અરજદારે ઘરેલુ હિંસા ધારાની કલમ–૧૯ મુજબ સામાવાળાઓ તેમને રહેઠાણની સગવડ કરી આપે તેવો હુકમ મેળવવા અરજ કરેલ છે, જે સંદર્ભે રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોતા પહેલા આ કામે કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ–૨૦૦૫ની કલમ–૨(એસ) “શેર્ડ હાઉસ હોલ્ડ” વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

(s) "shared household" means a household where the person aggrieved lives or at any stage has lived in a domestic relationship either singly or along with the respondent and includes such a household whether owned or tenanted either jointly by the aggrieved person and the respondent, or owned or tenanted by either of them in respect of which either the aggrieved person or the respondent or both jointly or singly have any right, title, interest or equity and includes such a household which may belong to the joint family of which the respondent is a member, irrespective of whether the respondent or the aggrieved person has any right, title or interest in the shared household;

આમ, ઉપરોક્ત કલમ વંચાણે લેવામાં આવે તો અરજદારોને સામાવાળા સાથે

તેમના ઘરમાં રહેવાનો હક્ક અને અધિકાર છે. વળી, આ કામના અરજદાર અને સામાવાળા કાયદેસરના પતિ–પત્ની છે અને લગ્ન બાદ તેઓ આ કામના સામાવાળાના ઘરે રહેવા ગયેલ અને ત્યાં અરજદાર અને સામાવાળા વચ્ચે અણબનાવ થતા છેલ્લા ઘણા સમયથી અરજદાર હાલ તેમના પિયરમાં રહે છે. સદર હકિકત ધ્યાને લેતાં સામાવાળા પણ અરજદાર સાથે ઉપરોક્ત જગ્યાએ રહેતા હતા તે હકિકત નિર્વિવાદીત છે. વધુમાં સામાવાળાએ અરજદારના રહેઠાણની કોઈ વ્યવસ્થા કરેલ હોઈ અગર અરજદારે કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના તેમનો ત્યાગ કરેલ હોઈ તેવી કોઈ હકિકત સામાવાળા રેકર્ડ પર પુરવાર કરી શકેલ નથી. તેથી આ કામે અરજદારને સામાવાળા જે ઘરમાં રહેતા હોય તે ઘરમાં તેઓની સાથે રહેવાનો અધિકાર છે, પરંતુ રેકર્ડ પર અરજદારે સામાવાળાઓએ તેઓની સાથે તકરારો થતી હોવાનું જણાવેલ છે ત્યારે અરજદાર સામાવાળા સાથે તેઓ જે ઘરમાં રહે છે ત્યાં રહેવા ન જાય તે સ્વાભાવિક છે. આ સંજોગોમાં અરજદારને સામાવાળા સાથે રહેવા જવાનો હુકમ કરવા કરતા વિકલ્પે રહેઠાણંનુ ભાડુ આપવામાં આવે તે ન્યાયી ગણાશે તેવુ આ અદાલત્તનું માનવુ છે.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવો તથા ઉપરોક્ત કલમ વંચાણે લેવામાં આવે તો જ્યારે પક્ષકારો તરફે ભાડા અંગે કોઈ પુરાવો રજુ કરેલ ન હોય આ અદાલત્તે ભાડા અંગે સામાન્ય દર ધ્યાને લઈ સામાવાળા પાસેથી માસિક રૂ.૨,૦૦૦/– રહેઠાણનું ભાડૂ મેળવવા હક્કદાર બને છે તેવુ આ અદાલત્તનું માનવુ હોઈ મુદ્દા નં–૨નો જવાબ **"અશંત:હકારમાં"** આપવામાં આવે છે.

(૧૨) આ કામે અરજદારે અરજી દાખલ કરતી વખતે સ્ત્રીધનનો માલસામાન, કપડાલતા તેમજ અન્ય સ્ત્રીધનની ચીજવસ્તુઓની કોઈ યાદી કે લીસ્ટ રજુ રાખેલ નથી તથા અરજદારના પુરાવાના તકબબકે આ લગતનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી કે કોઈ મૌખીક પુરાવામાં વસ્તુઓ જણાવેલ નથી, તેથી આ દાદ મળવાપાત્ર નથી. જ્યારે મુદ્દા નં–૩સંદર્ભે જોવામાં આવે તો આ કામે અરજદારે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી, જેથી મુદ્દા નં–૩ નો જવાબ **"નકારમાં"** આપવામાં આવે છે.

(૧૩) સદર કાયદાની કલમ–૨૦ અન્વયે નામદાર કોર્ટને યોગ્ય લાગે તે રકમની ભરણપોષણની રકમ અપાવવા અરજ કરેલ છે. હાલના કામે સામાવાળાએ હાજર થઇ તેઓ અરજદારોને ભરણપોષણ ચુકવતા હોય કે અરજદારે અન્ય કોઈ ભરણપોષણ મેળવવા અરજી કરી હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં અરજદાર તરફે રજૂ પુરાવા જોતા અરજદાર નં–૧ સામાવાળાના પત્ની છે. આ સંજોગોમાં તમામ અરજદારોનું ભરણપોષણ કરવાની જવાબદારી આ કામના સામાવાળાની છે. હાલના કામે અરજદારની રજૂઆત છે કે આ કામના સામાવાળા નં–૧ ના માસિક રૂપિયા–૧,૦૦,૦૦૦/– ની આવક મેળવે છે પરંતુ તે અંગેનો કોઈ આવક અંગેનો સ્પષ્ટ પુરાવો રજૂ રાખેલ નથી. આ સંજોગોમાં સામાન્ય દરે આ કામના અરજદાર નં–૧ માસિક રૂપિયા–૩,૦૦૦/– તથા અન્ય અરજદાર નં–૨ નાઓ માસિક રૂપિયા–૨,૦૦૦/– એમ કુલ મળી અરજદારો સામાવાળા પાસેથી ભરણપોષણ પેટે માસિક રૂપિયા–૫,૦૦૦/– મેળવવા હક્કદાર બને છે તેવુ આ અદાલત્તનું માનવુ હોઈ મુદ્દા નં–૩ નો જવાબ **<u>“અશંત:હકારમાં”</u>** આપવામાં આવે છે.

(૧૪) ઉપરોક્ત સમગ્ર રેકર્ડ લક્ષે લેતા સામાવાળાએ અરજદાર ઉપર કૌટુંબિંક હિંસા આચરેલ હોય અને તેવા કૃત્યના કારણે અરજદારને માનસિંક ત્રાસ તથા ભાવનાત્મક સતોપ થયેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી જણાતું હોઈ, તેવા સંજોગોમાં અરજદારને નુકશાન કે વળતર ચૂકવવાનો આદેશ કરવાનું જરૂરી જણાય છે, તેમજ હાલની અરજી પણ અરજદારે સામાવાળાની કસુરના કારણે કરેલ હોઈ તેવુ જણાય છે. આ સંજોગોમાં કાયદાની કલમ–૨૨ અન્વયે અરજદારને વળતર પેટે રૂ.૧૦,૦૦૦/– સામાવાળા ચૂકવી આપે તો તે વાજબી ઠરશે તેવુ આ અદાલત્તનું માનવુ છે. વધુમાં આ કામે અરજદારે સદર અરજી સામાવાળાના કૃત્યને કારણે કરવી પડેલ છે અને અરજી ચલાવવા સારૂ તથા અદાલત્તમાં હાજર રહેવા સારૂ તેણીની ખર્ચ થયેલ હોય તે માની શકાય તેમ છે તે જોતા અરજદારને હાલની અરજીના ખર્ચ પેટે રૂ.૨,૦૦૦/– ચુકવી આપે તે વાજબી ગણાશે તેવુ આ અદાલત્ત ને માનવાને કારણ હોય મુદ્દા નં–૪ અને ૫નો જવાબ **“અશંત:હકારમાં”** આપે છે. મુદ્દા નં–૬ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:આખરી હુકમ:–</u>**

(૧) અરજદારની અરજી અશંત:મંજૂર કરવામાં આવે છે.

(૨) સામાવાળા નં.૧એ એ ધી પ્રોટેક્શન ઓફ વીમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટની કલમ–(જેને હવે પછી સરળતા ખાતર કાયદા તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૧૮ મુજબ આદેશ કરવામાં આવે છે કે, સામાવાળા નં.૧એ અરજદારો જે જગ્યાએ રહેતા હોય ત્યાં પ્રવેશ કરવો નહી અને અરજદારોને કોઇ પણ પ્રકારની ક્ષતિ કરવી નહી.

(૩) અરજદારે સદર કાયદાની કલમ–૧૯ અન્વયે માંગેલ દાદ અશંત:મંજૂર કરવામાં આવે છે. આથી આ કામના સામાવાળા નં.૧ને એવો હુકમ કરવામાં આવે છે કે તેમણે અરજદારોને રહેઠાણના ભાડા પેટે અરજીની તારીખ થી દર મહિને માસિક રૂપિયા–૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પૂરા) નિયમીત રીતે ચઢે–ચઢયા ચુકવી આપવા.

(૪) અરજદારે સદર કાયદાની કલમ–૨૦ અન્વયે માંગેલ દાદ અશંત:મંજૂર કરવામાં આવે છે.

આથી આ કામના સામાવાળાએને એવો હુકમ કરવામાં આવે છે કે તેમણે અરજદાર નં–૧ ને ભરણપોષણ પેટે અરજીની તારીખથી દર મહિને માસિક રૂપિયા–૩,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા) તથા અરજદાર નં–૨ ના રૂપિયા–૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પૂરા) લેખે એમ કુલ મળી તમામ અરજદારોના ભરણપોષણ પેટે રૂપિયા–૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) આ કામના અરજદારોને ચુકવી આપવા. અરજદાર નં–૨ ની ભરણપોષણની રકમ અરજદાર નં–૧ કે જેઓ સગીરના માતા હોય તેઓને ચુકવી આપવી.

(૫) સામાવાળા નં.૧એ સદર કાયદાની કલમ–૨૨ અન્વયે અરજદારને વળતર પેટે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાચસો પૂરા) હુકમની તારીખથી દિન–30માં ચુકવી આપવા.

(૬) આ કામે સામાવાળા નં.૧એ  અરજદારને હાલની અરજીના ખર્ચ પેટે રૂ.૨,૦૦૦/- ચુકવી આપવા.

(૭) સદર હુકમની ખરીનકલ વિના મુલ્યે સદર કાયદાની કલમ-૨૪ અન્વયે અરજદારને આપવી તથા સંબધિત પોલીસ સ્ટેશને જાણ સારુ મોકલી આપવી.

હુકમ આજ તા. ૦૨, માહે-મે સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૨/૦૫/૨૦૨૬
ખંભાળીયા.

(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)
એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળિયા, જી.દેવભુમિ દ્વારકા
(JUDGE Code: GJ01732)